ગાંધીનગર ખાતે મેગા આઈ.ટી.
પ્રોજેકટસ માટે સરકારી જમીન
ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક :– એલ.એન.ડી–૧૦૨૦૦૭/ગુજ્રો આર-૯/૯૧૬/આર.૧.
૧૪/૩ સરદાર ભવન
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨ /૦૨/૨૦૦૭

**વંચાણમાં લીધા:–**

(૧) મા.મ.વિ.ના તા.૨૯/૦૬/૮૮ નો ઠરાવ ક્રમાંક:– એલએનડી/૧૦૭૯/૫૯૦/ III /આર

(૨) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ નો તા.૦૨/૦૧/૦૭ નો ઠરાવ ક્રમાંક: –એલએનડી–૨૦૦૬/૨૭૭૨/આઈટી.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ ને લખેલ પત્ર ક્રમાંક:– મપબ–૧૦૨૦૦૬(૫૪) કેયુ. તા.૨૦/૧૨/૨૦૦૬

**પ્રસ્તાવના:–**

રાજય સરકારે તા.૧ લી નવેમ્બર, ૨૦૦૬ ના રોજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી નીતિ બહાર પાડેલ છે. આ નીતિ અંતર્ગત રાજય સરકાર ધ્વારા રાજયની અંદર સોફટવેર ડેવલોપમેન્ટ સેન્ટર સ્થાપવા માટે યોગ્ય જગ્યાએ અન્ય રાજયોની જેમ ઓછા ભાવે જગ્યા ફાળવી આપવા તેમજ એસ.ઈ.ઝેડ. સ્થાપવા મેગા આઈ.ટી.પ્રોજેકટસ માટે આમુખમાં ક્રમ–૨ આગળ દર્શાવેલ વિજ્ઞાન અને પૌધોગિકી વિભાગના ઠરાવથી મેગા આઈ.ટી.પ્રોજેકટસ માટે જમીનની નક્કી ટીલી રૂા.૧૧૦૦ પ્રતિ ચો.મી.ના વિકાસદર મુજબ ગાંધીનગર ખાતે ઈન્ફોસીટીની નજીકમાં ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટની બાજુમાં આઈ.ટી.,એસ.ઈ.ઝેડ સ્થાપવા જમીન ફાળવી આપવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

**ઠરાવ:–**

પુખ્ત વિચારણાના અંતે આઈ.ટી.નીતિ ૨૦૦૬ –૧૧ હેઠળ મેગા આઈ.ટી.પ્રોજેકટ માટે રૂા.૧૧૦૦ પ્રતિ ચો.મી.ના વિકાસ દર મુજબ ઈન્ફોસીટીની સામે નીફટની આજુબાજુ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગની દક્ષિણમાં આવેલી જમીન નીચેની શરતોને આધીન ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**શરતો:–**

(૧) ગાંધીનગર ખાતે મેગા આઈ.ટી.પ્રોજેકટસ માટે જે કંપનીઓ જમીન મેળવવા ઈચ્છુક હોય તેમને વિજ્ઞાન અને પૌધોગિકી વિભાગને અરજી કરવાની રહેશે. તેઓ ધ્વારા ચકાસણી અને ભલામણ થયા બાદ માર્ગ અને મકાન વિભાગ જમીન ફાળવવા વિચારણા હાથ ધરશે.

M SONI-F-NODH

(૨) જયારે જમીન ફાળવવામાં વિચારણા કરવામાં આવે ત્યારે તે સમયના પ્રવર્તમાન વિકાસ દર મુજબનો ભાવ ગણવાનો રહેશે.

(૩) સંદર્ભ–૨ આગળ દર્શાવેલ વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના ઠરાવની સાથે જોડેલા નકશા મુજબની ગાંધીનગર સીટી પ્રોજેકટ હેઠળની જમીનનો સર્વે અને પ્લોટીંગ કરી" મેગા આઈ.ટી. પ્રોજેકટ" માટે જમીનની તબદીલી નવી અને અવિભાજય શરતે વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના પરામર્શમાં કરવાની રહેશે.

(૪) જમીનનો કબજો મળ્યા બાદ છ માસમાં બાંધકામના પ્લાન અને નકશા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગરની મંજુરી માટે મોકલવાના રહેશે. સરકારના વખતોવખતના બિલ્ડીગ રૂલ્સ અને રેગ્યુલેશન મુજબનું બાંધકામ જમીનનો કબજો મળ્યાની તારીખથી ૨(બે) વર્ષમાં પુર્ણ કરવાનો રહેશે. તથા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર પાસેથી વપરાશ અંગેનુ પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ બાંધકામનો ઉપયોગ કરવાનો રહેશે.

(૫) કચેરીના સ્ટાફ માટે તેમજ મુલાકાતીઓ માટે પાર્કિંગની સુવિધા કરવાની રહેશે. આ માટે જરૂરી નકશા અને પ્લાન મંજુર કરવાના રહેશે.

(૬) જે હેતુ માટે જમીનની ફાળવણી કરવામાં આવે છે. તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે. બીજા અન્ય હેતુ માટે સરકારશ્રીની પુર્વ મંજુરી વિના ઉપયોગ કરી શકાશે નહી.

(૭) આ જમીનના વેરા જેવા કે બીન ખેતી ધારો, લોકલ ફંડ તથા અન્ય વેરા જ હાલ અમલમાં હોય કે ભવિષ્યમાં જે તે સમક્ષ અધિકારી નકકી કરે તે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૮) સૂચિત જમીન નિયંત્રિત સતા પ્રકારની હોવાથી આવી જમીન કે તે ઉપર બાંધકામ વેચાણ/ભાડાપટ્ટેથી આપતી વખતે પ્રિમીયમ અંગેની સરકાર ધ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા હુકમોની શરતો લાગુ પડશે.

(૯) સદરહુ જમીનની અન્ય કોઈને તબદીલી ફેરબદલી કે વેચાણ સરકારશ્રીની પુર્વ મંજુરી વિના થઈ શકશે નહી.

(૧૦) ઉપયુકત શરતો પૈકી કોઈપણ શરતનાં ભંગ થશે તો નિયમાનુસાર શરતભંગ માટેની નિયત પટની રકમ ભરાવાની થશે.

(૧૧) આઈ.ટી.માટે ખાસ મેગા આઈ.ટી.પ્રોજેકટ સ્થાપવા વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના ઠરાવ મુજબ આ જમીન ફાળવવામાં આવતી હોવાથી આઈ.ટી. માટે જ ઉપયોગ થાય તે જોવાની જવાબદારી વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગની રહેશે. તેમજ આ અંગે કોઈ શરતભંગ થાય તો તે અંગે નિયમાનુસારના પગલા લેવા કલેકટરશ્રી, ગાંધીનગર ધ્વારા કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) જમીન ફાળવવાના હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં જમીનના નાણાં કલેકટરશ્રી, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવવાના રહેશે. ૩૦ દિવસ બાદ ૧૮% લેખે વ્યાજ સહિત નાણાં ચુકવવાના રહેશે.

(૧૩) આ જમીનની ફાળવણી નામ. હાઈકોર્ટ દાખલ થયેલ ખાસ દિવાની અરજી ક્રમાંક –૧૩૫૦/૨૦૦૦ અને તેના અનુસંધાને રાજય સરકારે નામ સર્વોચ્ચ અદાલતમાં કરેલ. એસઅલપી ક્રમાંકઃ-- ૮૭૨૬–૮૭૨૮/૨૦૦૧ માં જે અંતિમ પરિણામ આવશે તેને આધિન રહેશે.

M.SONI-F-NODH

આ હુકમો વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની ફાઈલ ક્રમાંક એલએનડી–૨૦૦૬–૨૭૭૨–આઈ.ટી. ઉપર તા.૯/૧૨/૨૦૦૬ ના રોજ નાણા વિભાગની મળેલ સંમતિ અન્વયે પ્રસ્તુત હુકમો રવાના કરવામાં આવે છે.

આ જમીનના મળેલ રકમ બજેટ હેડ–૦૨૧૭–શહેરી વિકાસ–૦૩ નાના અને મધ્યમ નગર સંકલિત વિકાસ–૮૦૦ અન્ય પ્રાપ્તિ હેઠળ જમા કરાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ સોની)
ઉપસચિવ(વ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (મા.મ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આઈ.ટી.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી બ્લોક નં.૧/૩,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,ઉદ્યોગ અને ખાણ વિભાગ સચિવાલય ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કલેકટરશ્રી, બહુમાળી ભવન, સે.૧૧, ગાંધીનગર
- મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી, ગાંધીનગર
- પ્રવર નગર નિયોજકશ્રી,ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- સામાન્ય વહીવટ વિભાગ/કિયુ,સચિવાલય, ગાંધીનગર
- ઉદ્યોગ કમિશ્નરશ્રી,ઉદ્યોગ ભવન,સે.૧૧,ગાંધીનગર.
- અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર
- અધિક્ષક ઈજનેરશ્રી વિદ્યુત (મા.મ.) વર્તુળ, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧,૨,૩ અને ૪, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ –૨૦૦૭
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ –૨૦૦૭

M SONI-F-NODH